| | | |
|---|---|---|
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ<br>સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા -૩૯૦૦૦૭. | Vibrant GUJARAT 2015 11-13 Jan. The Global Business Hub \| 7th Global Summit |
| | CIN :U40102GJ2003SGC042907<br>ફેકસ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩ ,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦<br>ઇમેઇલ : cetech.mgvcl@gebmail.com<br>ઇમેઇલ : ceproj.mgvcl@gebmail.com | |

## ❖ સામાન્ય યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ :

રાજ્યમા સામાન્ય યોજના અંતર્ગત કૃષિ વિષયક વીજ જોડાણો લેવા ઘણી અરજીઓ પડતર છે. સદર યોજના હેઠળ અગાઉ ગ્રામ્ય વીજળીકરણ નિગમ - નવી દિલ્હી તરફથી લોન ઉપલબ્ધથતી હતી. પરંતુ તેઓનો વ્યાજ દર વધારે હોવાના કારણે વીજ વિતરણ કંપનીઓ અન્ય સંસ્થાજઓપાસેથી નાણાં મેળવી કૃષિ વિષયક કુવાના વિજળીકરણની કામગીરી કરતા. સદર યોજના હેઠળ ગ્રાહકો પાસેથી એચટી / એલટી લાઇન તેમજ ટ્રાન્સળફોર્મસેન્ટીર વગેરેની રકમ વસુલવામા આવતી નથી. સદર ખર્ચ વીજ વિતરણ કંપનીઓ ઉઠાવતી હોય છે. રાજય સરકાર દ્વારા, સામાન્ય યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓનો નિકાલ લાવવા, વધારે કુવાના વિજળીકરણ કરી શકાય તે માટે થનાર ખર્ચ માટેની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને શેર મૂડી તરીકે નાણાકીય સહાય આપવામાં આવે છે.

૧. સામાન્ય યોજના રાજયમાં આદિજાતિ વિસ્તારોસિવાયના વિસ્તારોમા અમલી છે.
૨. સદર યોજના માટે સરકારશ્રી તેમજ વીજ વિતરણ કંપની ધ્વારા નાંણાકીય જોગવાઈ કરવામાં આવી છે.
૩. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ રજીસ્ટ્રેશન ચાજીર્સ ભરી જમીનના જરુરી દસ્તાજવેજો સાથે સંલગ્નો વીજ વિતરણ કંપની ની સબડીવીઝન કચેરી ખાતે અરજી કરવાની રહે છે.
૪. સદર યોજના હેઠળ લાઇન ચાર્જીસ, ટ્રાન્સરર્ફોમર સેન્ટબરના ચાર્જીસ, સવીર્સ કનેકશન ચાર્જીસના બદલે અરજદાર પાસેથી સામાન્ય દરેક ગુજરાત વીજ નિયમન પંચ ધ્વારા નક્કી કરાયેલ ફીકસ ચાર્જીસ વસૂલવામાં આવે છે.
૫. સીકયુરીટી ડીપોઝીટ ગુજરાત વીજ નિયમન પંચના એવોર્ડ મુજબ વસુલ કરવામા આવે છે.
૬. કામગીરી પૂર્ણ થયા બાદ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવાનો હોય છે. બે માસની સમય મર્યાદામા ટેસ્ટ રીપોર્ટ રજૂ ન થાય તો ઓછામા ઓછુ (મીનીમમ) બીલ આકારવામા આવે છે.
૭. સદર યોજના હેઠળ મીટર મૂકીને, પ્રતિ યુનિટ લેખે માત્ર ૬૦/- પૈસાના ના દરે વીજ બીલ આકારવામાં આવે છે.
૮. ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ ફરજીયાત સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.

વર્ષ ૨૦૧ ૬-૧૭ માટે સદર યોજના હેઠળ કૂલ ૭૦૦૦ કૃષિ વિષયક વીજ જોડાણોનુ વીજળીકરણ કરવાનું આયોજન છે.